# Maa Tara Uncha Mandir Lyrics

મા તારા ઉચા મંદિર નીચા મોલ Lyrics in Gujarati

અંબા માના ઉચા મંદિર નીચા મોલ ,
ઝરૂખડે દીવા બળે રે લોલ અંબા માના .

અંબા માના ગોખ ગબ્બર અણમોલ કે ,
શિખરે શોભા ઘણી રે લોલ ..... અંબા માના ..

આવી આવી નવરાત્રી ની રાતો કે ,
બાળકો રાસ રમે રે લોલ . અંબા માના ..

અંબે માં ગરબે રમવા આવો કે ,
બાળ તારા વિનવે રે લોલ ..... અંબા માના ..

અંબા માને શોભે છે શણગાર કે ,
પગલે કુમકુમ ઝરે રે લોલ .... અંબા માના ..

રાંદલમાં ગરબે રમવાને આવો કે ,
મુખડે ફૂલડાં ઝરે રે લોલ ... અંબા માના ..

ખોડીયાર માં ગરબે રમવા ને આવો કે ,
આંખો થી અમિઝરે રે લોલ ... અંબા માના ..

માં તારું દિવ્ય અનુપમ તેજ કે ,
જોઈ મારી આંખો ઠરે રે લોલ ... અંબા માના ..

ગરબો તારા બાળકો ગવરાવે કે ,
મસ્તાન તારે પાયે પડે રે લોલ ... અંબા માના ..

gujaratilyrics.com